

ખેડબ્રહ્મા તાલુકાના શિલવાડ ગામે શિલવાડ પ્રાથમિક શાળા ખાતે ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત ઉચ્ચ અધિકારીઓ શાળાની મુલાકાતે આવ્યા હતા. બાળકોને ભણતર સાથે સ્વચ્છ રહેવા માટેના સૂચનો આપ્યા હતા. પરંતુ આજ શાળા નજીક મુખ્ય માર્ગ પર ઉકરડા અને ગંદકીના ઢગલાં અધિકારીઓને નજરે પડતા નથી. ગંદકીની વચ્ચે આવેલ પ્રાથમિક શાળાના બાળકો રોગચાળાનો ભોગ બને તો નવાઈ નહીં. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર / બીપીન જોષી)


# હિંમતનગરમાંથી ૬ માસ અગાઉ ગુમ થયેલ પાવૈયાની હત્યાનો ભેદ ઉકેલાયો

## ભિક્ષાવૃતિ અંગેના હદ વિવાદમાં અન્ય પાવૈયાએ ડ્રાઇવરની મદદથી હત્યા કરી હોવાનું બહાર આવ્યું

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના મૂખ્ય મથક હિંમતનગરમાંથી ૬ માસ અગાઉ -ાંતિજ તાલુકાના રૂપાજીવાસ મોયદના રહેવાસી આરતીદે ભીખીદે પાવૈયા ગુમ થયા હતા જે અંગેની જાણવા જોગ ફરીયાદ હિંમતનગરના એ-ડીવિઝનમાં નોંધાતાં પોલીસે

બનાવની વિગત અનુસાર મુળ રૂપાજીવાસ મોયદના રહેવાસી અને -ાંતિજન સલાલ ખાતે રહેતા આરતીદે ભીખીદે પાવૈયા તા. ૧૨/૫/૨૦૧૪ના રોજ ગુમ થયેલ જેની અંગી જાણવા જોગ ફરીયાદ હિંમતનગરના એ ડીવિઝન પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ત્યારબાદ પોલીસે -ાથમિક તપાસ કરી સકમંદ નોઈડન વિસ્તારમાં ચુપયા હોવાની પોલીસને જાણ થતાં એલસીબી ટીમે નોઈડા ચાંદનીદે પાવૈયા તેમજ તેના મોહમંદહુસૈન સફીમહમંદ છીપાની ઝડપી લઈ સ,ન પૂછપરછ કરતાં આરોપીઓએ કબુલાત કરી હતી કે તેમણે ભીક્ષાવૃતિ અંગેના હદ વિસ્તારને લઈ આરતીદે પવૈયા સાથે સંઘર્ષ થતાં તેને મોત ઘાટ



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા ૬ માસ બાદ પોલીસને ગુમ થયેલ આરતીદે પાવૈયાને હત્યાનો ભેદ ઉકેલવામાં સફ્તા મળી છે. પોલીસે હત્યામાં સંડોવાયેલ ચાંદનીદે ચંન્દ્રિકાદે પાવૈયા તેમજ તેના ડ્રાયવર મોહમંદહુસૈન સફીમહમંદ છીપાની ઘરપકડ કરી ચાંદનીદે પાવૈયાના ઘરમાંથી આરતીદે પાવૈયાની દાટેલી લાશને બહાર કાઢી પોસ્ટમોટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરે છે.

ચાંદનીદે પાવૈયા સામે ગુનો દાખલ કરી પતાસ હાથ ધરતાં ચાંદનીદે એકાએક ગાયબ થઈ ગઈ હતી આ અંગે ગુનાનો ભેદઉકેલવા અને આરોપીઓને પકડવા એલસીબીને તપાસ સોંપવામાં આવી હતી.

એલસીબી પી.આઈ. આલએ અગલ અગલ ટીમો બનાવી શકમંદ આરોપીઓને શોધવા જાળ બીચાવી હતી. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી. કે શકમંદો ઉત્તર -દેશના ઉતારી હિંમતનગરના મોતીપુરા વિતારમાં આવેલ ચાંદનીદે પાવૈયાના મકાનમાં કબાટના ખાનામાં ખાડો કરી લાશને દાટી દઈ ચણતર કરી પ્લાસ્ટર કર્યુ હોવાનું જણાવતાં આજે એલસીબી પી.આઈ. આલે મામલતદાર પથિક પટેલ, એફએસએલ અધિકારી એમ.અમે. જાનીને સાથે રાખી મકાનની તલાસી લઈ કબાટના ખાનામાં દાટેલ લાશને બહાર કાઢી પોસ્ટમોટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

## અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આર.ટી.ઓ.ના નિયમની ઐસી કી તૈસી કરીને

# શાળાના વિદ્યાર્થીઓ લાયસન્સ વિના બે રોકટોક ટુ વ્હીલર ફેરવી રહ્યાં છે

મોડાસા, તા.૨૭

માર્ગ સુરક્ષા સપ્તાહ વખતે રસ્તા ઉપર ઉભા રહી લોકો ના ખીસા



હળવા કરતા પોલીસ ધ્વારા શાળાઓ માં બે રોકટોક ટુ વ્હીલર લઈ ને જતા વિદ્યાર્થીઓ સામે આંખ મિચામણા કરી રહયા છે. ત્યારે હીટ એન્ડ રન સ્ટાઈલ માં ટુ વ્હીલર ફેરવતા લબરમુછીયા વિદ્યાર્થી ઓ લોકો માટે જાણે જોખમકારક બની રહયા છે..

અરવલ્લી જિલ્લા ની મોડાસા શહેર માં કેટલીક શાળા ના બાળકો પોતાનુ પ્રાઈવેટ ટુવ્હીલર લઈ ને શાળા માં બે રોકટોક આવી રહયા છે. આ વીદ્યાર્થીઓ પાસે ના તો લાયસન્સ હોય છે કે ના તો ટ્રાફીક ના નિયમો ની ખબર હોય છે. જયારે પોલીસ અને આર.ટી.ઓ આ રીતે શાળા માં ટુ વ્હીરલ લઈ ને આવતા બાળકો સામે કાર્યવાહી કરવામાં ઉણી ઉતરી છે. પોલસીસ ના ડર વિના આ વિદ્યાર્થીઓ મનફાવે તેમ ગાડી ચલાવી ટ્રાફીક ના નિયમો નો ભંગ કરી રહયા છે.

આ વિદ્યાર્થીઓ જોડે નથી લાયસન્સ કે કે નથી ટ્રાફીક ના નિયમો ની જાણકારી વાહન લઈ ને શાળમાં આવવાની રીત ભાત ને શાળા ના આચાર્ય પણ વખોડી રહયા છે. ત્યારે આ બાબતે એક શાળા ના આચાર્ય ની મુલાકાત લીધી ત્યારે જાણે આ આચાર્ય અત્યાર સુધી એ બાબતથી અજાણ્ણ હોય કે વિદ્યાથીઓ શાળાએ



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આ રીતે ટુવ્હીલર લઈ ને આવે છે તેમ સારી સારી વાતો કરવા લાગ્યા અને અને આર.ટી.ઓ માં પણ રજુઆત કરવા લાગ્યા

તાજેતર મા રાજય ભરની પોલીસે માર્ગ સુરક્ષા સપ્તાહ ઉજવ્યો ત્યારે આ સપ્તાહ માં પોલીસે પોતાની કામગીરી બજાવવા માટે લાખ્ખો રૂપીયા નો દંડ ઉઘરાવ્યો અને લોકો ના ખિસ્સા હળવા કર્યા અને કેટલીક જગ્યા એ પોતાના ખીસ્સા ભર્યા ત્યારે માર્ગ સલામતી સપ્તાહ સુરક્ષા વખતે ટ્રાફીક નો ભંગ કરનાર સૂામે લાલ આંખ કરનાર પોલીસ મોડસા ની શાળાઓ માં ટુ વ્હીલર લઈ ને આવતા વિદ્યાર્થી સામે પગલા લેવામાં ઉણી ઉતરી છે. જયારે મોડાસા ના આર.ટી.ઓ જણાવી રહયા છે શાળા ના વિદ્યાર્થીઓ બેટરી વાળા વ્હીકલ અને સાઈકલ લઈ ને જાય તે માટે વાલીઓ સાથે ચર્ચા કરવામાં આવશે અને સાથે આ કામ માં પોલીસ સહયોગ આપશે તો જ આ કામ ઝડપી બનશે

જયારે બીજી બાજુ જોવા જઈએ તો હાઈવે પર વાહરન રોકે તો પોલીસ ને પોતાના ખીસ્સા માં ૧૦૦ થી ૨૦૦ નો ફાયદો થશે ત્યારે આ વિદ્યાર્થીઓ ને રોકીશુ તો તેમની જોડે કઈ નહી મળે તેવા આશય થી પોલીસ વિદ્યાથીઓ ને ન રોકી ને વિદ્યાર્થીઓ ની જિંદગી સાથે ચેડા કરી રહી છે જો આમ અને આમ ચાલતુ રહયુ તો કયારેક કોઈ માતા પિતા ને પોતાનો લાડકવાયો ગુમાવાનો વારો આવે તો નવાઈ નહિ.

## પોલીસમાં જોડાવવા ઈચ્છતા યુવાનોને જિલ્લા રોજગાર કચેરી પાલનપુર દ્વારા વિનામૂલ્યે તાલીમ અપાશે

પાલનપુર, તા. ૨૭

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર દ્વારા લશ્કર તથા પોલીસ ફોર્સમાં જોડાવવા ઈચ્છતા ઉમેદવારો માટે ભરતી પૂર્વેની એક માસની તાલીમ વિનામૂલ્યે નિવાસી તાલીમ યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૧૪માં તાલીમ આપવામાં આવનાર છે. એસ.એસ.સી. પાસ તથા તેથી વધુ લાયકાત ધરાવતા ઉમેદવારો કે જેઓની ઉમર ૧૭ ૧/૨ થી ૨૧ વર્ષની વચ્ચે વય ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જિલ્લા સેવા સદન-૨, જોરાવર પેલેસ, બહુમાળી ભવન, પાલનપુરનો તા. ૧-૧૨-૨૦૧૪ સુધીમાં રૂબરૂ અસલ પ્રમામપત્રો સાથે સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

નિવાસી તાલીમમાં પસંદગી પામેલ ઉમેદવારોને ૩૦ દિવસ સુધી વિનામૂલ્યે તાલીમ આપવામાંવશે. તો રસ ધરાવતા ઉમેદવારોએ રોજગાર કચેરી ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે.

# વરવાડા-વિશોળ માર્ગ પર દેના ગ્રામિણ બેંકનો મેનેજર ધોળે દિવસે લુંટાયો

## કારમાં આવેલ શખ્સોએ તિક્ષ્ણ હથિયાર વડે મેનેજર પર હુમલો કરી થેલો લૂંટી ફરાર થઈ ગયા

ઊંઝા, તા. ૨૭

ઊંઝા તાલુકાના વરવાડા અને વિશોળ વચ્ચે બાઈક પર પસાર થઈ રહેલ વિશોળ દેના ગ્રામિણ બેંકના મેનેજર પર મોટરકારમાં આવેલ કેટલાક અજાણ્યા શખ્સો પૈકી એક શખ્સે તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો અને તેમના હાથમાંથી થેલાની લુંટ ચલાવીને ક્યાંક ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો જેથી સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે. લુંટાયેલ થેલામાં સદનસીબે નાણા ન હતા પરંતુ બેંકના ગ્રાહકોની પાસબુકો અને બેંકની ચાવીઓ હતી.

ઊંઝા ખાતે રહેતા રમેશભાઈ પ્રભુભાઈ મેવાડા તાલુકાના વિશોળ ગામે આવેલ દેના ગ્રામિણ બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. નિત્યક્રમ મુજબ આજે સવારે તેઓ પોતાના બાઈક પર થેલો લઈને વિશોળ બેંકમાં જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં વરવાડા-વિશોળ વચ્ચે એક મોટરકારે બાઈકની ઓવરટેક કરીને તેમને થોભાવ્યા હતા અને અચાનક કારમાં ઉતરેલ એક અજાણ્યા શખ્સે તેમની સાથે ઝપાઝપી કરી હાથના ભાગે તિક્ષ્ણ હથિયારનો ઘા કરી તેમની પાસેથી થેલાની લુંટ કરી તુરંત મોટરકારમાં બેસીને ક્યાંક નાશી છુટ્યા હતા. લુંટમાં ઘવાયેલ ઈજાગ્રસ્ત બેંક મેનેજરને ૧૦૮ મારફતે કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ભારે ભયની લાગણી ફેલાઈ હતી. લુંટારૂ ૩૫ થી ૪૦ વર્ષની વયનો હતો અને તેણે સફેદ પેન્ટ શર્ટ પહેરેલ હોવાનું બેંક મેનેજરે જણાવ્યું હતું.

દરમિયાન આ ગંભીર પ્રકારના બનાવ સંદર્ભે ઊંઝા પોલીસમથકે સામાન્ય એન.સી. નોંધવામાં આવી હતી. આમ ધોળા દિવસે બેંક મેનેજર લુંટનો ભોગ બનતા ઊંઝા તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ સામે લોકોમાં સવાલ ઉઠવા પામ્યા છે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ફોટોકેપ્શન :- કપાસના પોષણક્ષમ્ય ભાવો ન મળતાં આજે સાબરકાંઠા જિલ્લાના ખેડુતોએ કિશાસંઘના નેજા હેઠળ રેલી કાઢી કલેકટર કચેરી જઈ અધિકકલેકટર એસ.ડી ધાનાણીને આવેદન પત્ર આપી સરકારની ખેડુત વિરોધી નિતિઓ સામે આક્રશ વ્યકત કર્યો હતો.




(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાથી થરાદ જતા રોડ પર આજે સર્જાયેલા એક અકસ્માતમાં પુરઝડપે મોટર સાયકલ પર સવારથી જતા બે ઈસમો ગફ્લતભર્યા ડ્રાઈવીન્ગે આગળ રોડ સાઈડ ઉભેલી એક આઈસર ટ્રક સાથે અથડાતા એકનું ધટના સ્થળે જ મોત થયું હતું. બનાસકાંઠાનાં ડીસા તાલુકાના જોરાપુરા ગામ પાસે ઘટેલી આ અકસ્માતની ધટનાની વિગતો જોઈએ તો ડીસાથી થરાદ રોડ પર આવેલા રામદેવ કોલ્ડ સ્ટોરેજમાં કામ કરતા અને બિહાર ખાતેના મૂળ રહીશ કિરી કુમાર ફૂલ કુમાર યાદવ અને તેનો મિત્ર સતીશ કુમાર સાધુ -સાદ યાદવ હાઈવે રોડ પરથી અન્ય પવન કોલ્ડ સ્ટોરેજ જઈ રહ્ના હતા, તેવા જ સમયે રોડ સાઈડમાં પડેલી એક આઈશર ટ્રક સાથે ગફ્લત ભર્યા ડ્રાઈવિંગે તેમની મોટર સાયકલ ધડાકાભેર અથડાઈ હતી. જેનાથી મોટર સાયકલ પર સવાર બન્ને ઈસમો નીચે રોડ પર પટકાયા હતા, જેમાં સતીશ કુમાર સાધુ -સાદ યાદવનું ગંભીર ઈજાએ મોત થયું હતું. આ મામલે ડીસા તાલુકા પોલીસે ફરિયાદી કિરીટ કુમાર યાદવની ફરિયાદ નોધી તપાસ હાથ ધરેલ છે.

# કપાસના ટેકાના ભાવ વધારા મુદે રેલી યોજી અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

મોડાસા, તા.૨૭

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ ની યોજના અનુસાર તમામ જિલ્લામાં આવેદનપત્ર આપી કીસાનો ની લાગણીઅને માંગણી ને સરકાર સુધી પહોચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો ચાલુ સાલે કપાસ મગફળી ડાંગર મકાઈ જેવા પાકોનુ જે કઈ ઉત્પાદન થયુ છે તેમાં જિલ્લા મથકે અને તાલુકા મથકે



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

ટેકાના ભાવથી ખરીદી કરવાનુ આયોજન થયેલ છે. પરંતુ હાલમાં ટેકાના ભાવ ઘણા નીચે હોવાને લઈને કિસાનોને ખેતી પરવડે તેમ નથી અને મોટુ નુકસાન વેઠવાનો વારો આવે તેમ છે. ચાલુ સાલે સરકાર ધ્વારા કૃષિ વર્ષ તરીકે ઉજવણી કરવાનુ જાહેર કરેલ છે. ત્યારે હાલના સંજોગોમાં યુધ્ધના ધોરણે કિસાનોને પ્રોત્સાહન રૂપે બોનસ ભાવ તથા અથવા પેકેજ જાહેર કરી ખોટમાંથી ઉગારી લેવા જોઈએ તેવી માંગણી સાથે આજે મોડાસા આવેલ સહકારી જીનમાં અરવલ્લી જીલ્લાના તમામ તાલુકાના ખેડુતો ભેગા થયા હતા અને ત્યાથી રેલી કાઢી ભાજપા સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી કપાસના ટેકાના ભાવ વધારો કરવા કલેકટર કચેરી સુધી રેલી યોજી અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

# વજેપુરાકંપામાં કચ્છ કડવા પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

બાયડ, તા. ૨૭

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અરવલ્લી વિભાગ આયોજીત છઠ્ઠો સમુહ લગ્નોત્સવ આગામી ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ બાયડ તાલુકાના વજેપુરા કંપા ખાતે માતૃશ્રી કુંવરમા સેવાશ્રમ દૈવીધામમાં યોજાશે. જેમાં સમાજના નવ યુગલો પ્રભુતામાં પગલા માંડી ગૃહસ્થાશ્રમની કેડી કંડારશે.

આ સમુહ લગ્નોત્સવમાં ચાંદીના સીક્કાના દાતા સંત સામજીદાદા, ચૂંદડીના દાતા સંત તુલસીબાપા, કન્યાદાનના દાતા સંત રતીબાપા, સમગ્ર કીટના દાતા મગનભાઈ જીવરાજભાઈ રામજીયાણી, સમગ્ર પાનેતરના દાતા શાંતિભાઈ રામજીયાણી ઉપસ્થિત રહીને વર-કન્યાને આશીર્વચન આપશે. ઉપરાંત સંસ્થા પ્રમુખ મણીભાઈ પોકર, માવજીભાઈ ભાવાણી, નંદુભાઈ રામજીયાણી, કેશુભાઈ ધોળુ, અંબાલાલ માકાણી, અંબાલાલ રામજીયાણી, પરસોત્તમભાઈ પારસીયા, બિપીનભાઈ રામજીયાણી, સોમાભાઈ ચોપરા, અંબાલાલ, લક્ષ્મણભાઈ ભાવાણી સહિત ધનસુરા ના.મામલતદાર, જિલ્લા કલેક્ટર અને ધારાસભ્ય પણ ઉપસ્થિત રહેશે અને નવ દંપતિને આશીર્વાદ આપશે.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧